સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ માટે ટેકનિકલ સ્ટાફની સેવાઓનો સમયગાળો વધારવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2023/1665/B1 Branch

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૨૦/૨૧૧૫/બ.૧, તા.૧૬/૦૪/૨૦૨૧.

(2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:WCDD/AMR/e-file/23/2022/0007/B1, તા.૧૭/૦૩/૨૦૨૩

//ઠરાવ//

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતે સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ માટે આઉટસોર્સની જગ્યાઓ ઉભી કરવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી આ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓનો સમયગાળો તા.૧૬/૦૨/૨૦૨૩ થી વધુ ૧૧ માસ માટે મેળવવાની મંજુરી આપવામાં આવેલ હતી. આ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ મુદત પૂર્ણ થયા તારીખથી વધુ ૧૧ માસ હેતુ મેળવવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨/- કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતેના સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ માટે નીચે મુજબની ૦૫ જગ્યાઓની સેવાઓ મુદ્દત પૂર્ણ થયેથી વધુ ૧૧ માસ માટે (તા.૧૬/૦૧/૨૦૨૪ થી ૧૬/૧૨/૨૦૨૪) માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | જગ્યાનું નામ | અનુભવ | જગ્યાની સંખ્યા | જી.આઇ.એલ.ના તા.૨૮/૦૭/૨૦૨૨ના રેટ કોન્ટ્રાક્ટ મુજબ મળવાપાત્ર વેતન |
|---|---|---|---|---|
| ૧ | સીનીયર ડેવેલોપર (નેટ ટેક્નોલોજી) | ૫ વર્ષ | ૦૧ | રૂ.૯૫,૦૦૦/- |
| ૨ | ડેવલોપર | ૩ વર્ષ | ૦૧ | રૂ.૬૫,૦૦૦/- |
| ૩ | મોબાઇલ એપ ડેવલોપર | ૩ વર્ષ | ૦૧ | રૂ.૬૫,૦૦૦/- |
| ૪ | સપોર્ટ એન્જિનિયર | ૩ વર્ષ | ૦૧ | રૂ.૩૫,૦૦૦/- |
| ૫ | એ. આઇ/ બીગ ડેટા એક્ષપર્ટ/ ડેટા એનાલીસ્ટ | ૩ વર્ષ | ૦૧ | રૂ.૭૦,૦૦૦/- |

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૪/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કૃણાલ હિંગુ

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

3. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
4. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
5. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
6. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
7. શાખા સિલેક્ટ ફાઇલ.